PF-001-001628 Seat No. ______

# Third Year B. A. (Sem. VI) (CBCS) Examination

**March / April - 2020**

## Gujarati : Paper - 22

**(ગુજરાતી વ્યાકરણ, સાહિત્ય સર્જન - લેખન - કૌશલ - ૬)**

*(Old Course)*

**Faculty Code : 001**
**Subject Code : 001628**

Time : $2\frac{1}{2}$ Hours] [Total Marks : **70**

**સૂચના :** (૧) પાંચ પ્રશ્નો આપેલા છે.
(૨) દરેક પ્રશ્નના ગુણ સરખા છે.

1 નીચે આપેલ કાવ્યનું રસદર્શન કરાવો : **14**

**આભાસી મૃત્યુનું ગીત**

મારી આંખે કંકુના સૂરજ આથમ્યા...
મારી વે'લ શંગારો વીરા, શગને સંકોરો,
રે અજવાળાં પહેરીને ઊભા શ્વાસ !
મારી આંખે કંકુના સૂરજ આથમ્યા...

પીળે રે પાંદે લીલા ઘોડા ડૂબ્યા,
ડૂબ્યા અલકાતાં રાજ, ડૂબ્યાં મલકાતાં કાજ,
રે હણહણતી મેં સાંભળી સુવાસ !
મારી આંખે કંકુના સૂરજ આથમ્યા...
મને રોકે પંછાયો એક ચોકમાં,
અડધા બોલે ઝાલ્યો, અડધો ઝાંઝરેથી ઝાલ્યો;
મને વાગે સજીવી હળવાશ !
મારી આંખે કંકુના સૂરજ આથમ્યા !

- રાવજી પટેલ

**અથવા**

1 દેખ્યાનો દેશ ભલે લઈ લીધો, નાથ ! **14**
પણ કલરવની દુનિયા અમારી !
વાટે રખડ્યાની મોજ છીનવી લીધી
ને તોય પગરવની દુનિયા અમારી !
કલબલતો થાય જ્યાં પહેલો તે પ્હોર

બંધ પોપચામાં રંગોની ભાત,
લોચનની સરહદથી છટકીને રણઝણતું
રૂપ લઈ રસળે શી રાત !
લહેકાએ - લહેકાએ મહોરતા અવાજના
વૈભવની દુનિયા અમારી !
ફૂલોના રંગો રિસાઈ ગયા, જાળવતી
નાતો આ સામટી સુગંધ,
સમાસમાના દઈ સંદેશા લ્હેરખી
અડક્યાનો સાચવે સંબંધ !
ટેરવાને તાજી કૈં ફૂટી તે નજરુંના
અનુભવની દુનિયા અમારી !
- ભાનુપ્રસાદ પંડ્યા

2 સાંપ્રત સમયે મધ્યકાલીન સાહિત્યના સંશોધન-સંપાદનમાં થતી મુશ્કેલીઓ અને સમસ્યાઓની તલસ્પર્શી ચર્ચા કરો. 14

**અથવા**

2 મધ્યકાલીન સાહિત્યના સંશોધક-સંપાદકમાં હોવી જોઈતી નિપૂણતા અને વિશિષ્ટ પાત્રતા-યોગ્યતા વિશે તમારા વિચારો વિગતે સમજાવો. 14

3 જોડણી એટલે શું ? વિગતે છણાવટ કરો. 14

**અથવા**

3 જોડણી ભેદથી થતા અર્થભેદ સ્પષ્ટ કરી સાત ઉદાહરણ આપો. 14

4 સર્જનાત્મક લેખન અભિવ્યક્તિ એટલે શું ? તે જણાવી સર્જનાત્મક લેખન અંગે રાખવી જોઈતી કાળજી બાબતે તમારું મંતવ્ય સ્પષ્ટ કરો. 14

**અથવા**

4 તમારી સંસ્થામાં યોજાઈ ગયેલાં લોકગીતોના રસાસ્વાદના કાર્યક્રમના અહેવાલનું સર્જનાત્મક લેખન કરો. 14

5 નીચેનામાંથી કોઈપણ **બે**નાં જવાબ આપો : 14

(1) ગુજરાતી લેખનમાં સંધિ એટલે શું ? તે ચર્ચો.
(2) વ્યંજન સંધિ સમજાવી પાંચ ઉદાહરણ આપો.
(3) સ્વર સંધિ સમજાવી પાંચ ઉદાહરણ આપો.
(4) વિસર્ગ સંધિ સમજાવી પાંચ ઉદાહરણ આપો.